# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-01-2025** **Morning : 7.10 to 7.20 am**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી દ્વારા વર્ચ્યુઅલી વિતરીત થનારા સ્વામિત્વ કાર્ડ વિતરણ કાર્યક્રમમાં અમદાવાદ ખાતે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા ઉપસ્થિત રહેશે
2. નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે આયુષ્માન યોજનાથી લઇને અગિયાર હજારથી વધુ સ્વાસ્થ્ય સંસ્થાઓ રાજ્યમાં કાર્યરત હોવાનું જણાવતા મુખ્યમંત્રી
3. નર્મદા નદીના પાણીનો લાભ કચ્છ જિલ્લાના 127 અંતરીયાળ ગામડાના ખેડૂતોને આપતી બે હજાર કરોડ કરતાં વધુની યોજનાને મંજૂરી
4. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આજે સુરતમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અને ઈન્ટર યુથ એવોર્ડ સમારોહ યોજાશે.
5. વિશ્વ વિખ્યાત મોઢેરાના સૂર્યમંદિર ખાતે આજથી બે દિવસના ઉત્તરાર્ધ મહોત્સવનો આરંભ થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM SWAMITV YOJNA PROPARTY CARD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્વામિત્વ યોજના હેઠળ મિલકત માલિકોને 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વર્ચ્યુઅલી વિતરણ કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી.નડ્ડા અમદાવાદ ખાતે ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમદાવાદના સાયન્સ સિટી નજીકના સાલ એજ્યુકેશન ઓડિયોરિયમ ખાતે આ કાર્યક્રમ યોજાશે.

રાજ્ય સહિત દેશભરના 3 લાખ 17 હજારથી વધુ ગામડાઓમાં ડ્રોન સર્વે પૂર્ણ થયો છે, જે લક્ષ્યાંકિત ગામડાઓના 92 ટકા ભાગને આવરી લે છે. અત્યાર સુધીમાં, 1 લાખ 53 હજારથી વધુ ગામડાઓ માટે લગભગ 2 કરોડ 25 લાખ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે, જેનું આજે વિતરણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . .

# NADDA GUJ VISIT

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. તેઓ આજે અમદાવાદમાં સ્વામિત્વ કાર્ડનું વિતરણ કરશે ત્યારે બાદ અમદાવાદના આઇઆઇએમ ખાતે હેલ્થકેર સમિટમાં પણ ઉપસ્થિત રહેશે .. આ કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા બાદ ગાંધીનગરના પાલજ ખાતેને નિપેરના કાર્યક્રમમાં હાજર રહેશે. જ્યારે પ્રવાસના બીજા

દિવસે કેન્દ્રીય મંત્રી બપોર બાદ સીપેટના એક કાર્યક્રમમાં પણ હાજર રહીને સંબોધન કરશે.

---------

## IIPH SAMVAD

નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે આયુષ્માન આરોગ્ય મંદિરથી લઈને મેડિકલ કૉલેજ અને અત્યાધુનિક હૉસ્પિટલ્સ મળીને અગિયાર હજારથી વધુ સ્વાસ્થ્ય સંસ્થાઓ રાજ્યમાં કાર્યરત હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું, મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગાંધીગનરમાં ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થના હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ભારતે કોરોના કાળમાં 100થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છે. વધુમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જણાવી રહ્યા છે...

(બાઇટ- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

. . . . . . . . . . . . .

## NARMADA – KUBER DINDOR

આદિવાસી સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણના માધ્યમથી પ્રગતિશીલ બને તે માટે રાજ્ય શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરની ઉપસ્થિતિમાં ઇનરેકા સંસ્થાન ટિંબાપાડાનો ૪૧મો વાર્ષિકોત્સવ યોજાયો. આ કાર્યક્રમમાં ઇનરેકા સંસ્થાન દ્વારા સંચાલિત વંદના નર્સિંગ અને પેરા મેડીકલ કોલેજનું લોકાર્પણ કરવામાં આવ્યું. વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિધાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેનાર

રાજ્યશિક્ષણ મંત્રી કુબેર ડિંડોર વધુ માહિતી આપી રહ્યા છે.......................

(બાઈટ - કુબેર ડિંડોર (મંત્રી,ગુજરાત સરકાર)

. . . . . . . . . . . .

# KUTCH - NARMADA PANI

નર્મદા નદીના પાણીનો લાભ હવેથી કચ્છ જિલ્લાના અંતરીયાળ ગામડાના ખેડૂતોને પણ મળશે. રાજ્ય સરકાર કચ્છ જિલ્લાના ટપ્પર ડેમથી દૂરના ગામડાઓ સુધી પાઈપલાઈન નાખવાની યોજના અમલમાં મૂકી રહી છે અને નાબાર્ડે આ માટે 2 હજાર 6 કરોડ રૂપિયાનું ફંડ પણ મંજૂર કર્યું છે. આ યોજનાથી 127 ગામડાના લગભગ 2 લાખ લોકોને લાભ મળશે અને 1 લાખ 57 હજાર હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે.

. . . . . . . . . . . . .

# GIR-COLLECTOR BEACH MULAKAT

ગીર સોમનાથના ઉના તાલુકાના અહેમદપુર માંડવી બીચને હવે વિકસાવવામાં આવશે. આ બીચ પણ દેશ અને દુનિયામાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે. આગામી 24, 25 અને 26 જાન્યુઆરીનાં રોજ અહીં બીચ ફેસ્ટિવલ રંગારંગ રીતે ઉજવાશે. આ બીચને ડેવલપ કરવાનું બીડુ ગીર સોમનાથના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ ઉઠાવ્યું છે. જેને લઈને કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા વધુ પ્રતિક્રિયા આપી રહ્યા છે.....

(બાઈટ-દિગ્વિજયસિંહ ડી. જાડેજા. (કલેકટર-ગીર સોમનાથ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગા મ્યુઝિક)

.....................................

# GOVERNOR BIRTHDAY-BLOOD DONETION CAMP

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના જન્મદિવસે આજે રાજભવનમાં રક્તદાન કેમ્પ યોજાશે.. સવારે 8.00 વાગ્યાથી ગાંધીનગરના રાજભવન ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર અને અમદાવાદ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ હોસ્ટ તથા અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેન્ક લિમિટેડના સહયોગથી યોજાઈ રહેલા રક્તદાન કેમ્પમાં રક્તદાન કરવા ઇચ્છતા રક્તદાતાઓ પોતાના ઓળખકાર્ડ સાથે રક્તદાન કરી શકશે.

. . . . . . . . . . . . .

# RASTRIYA YUVA DIVAS

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આજે સુરતમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અને ઈન્ટર યુથ એવોર્ડ સમારોહ યોજાશે. ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૭ હજાર વિદ્યાર્થીઓને સ્કાઉટીંગ પ્રવૃત્તિઓ અને માનવાધિકારો વિષે જાગૃત્ત કરાશે. જેમાં દેશના ૧૮ રાજ્યોના પ્રતિનિધિઓ તેમજ શ્રીલંકાથી ૨ અને મલેશિયાથી ૧ સ્કાઉટસ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય માનવાધિકાર પંચના ચેરમેન કે.જે.ઠાકર, ઓડિશાના નિવૃત્ત ચીફ જસ્ટીસ કે.એસ.ઝવેરી, મુકેશ ખન્ના વિશેષ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# UTTARDH UTSAV

વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિર ખાતે આજથી બે દિવસીય ઉત્તરાર્ધ ઉત્સવ યોજાશે..ભરત નાટ્યમ, ઓડીસી, કુચીપૂડી, મોહિની અટ્ટમ, કથ્થક જેવા શાસ્ત્રીય નૃત્યના વિશ્વ વિખ્યાત કલાકારો આ બે દિવસ દરમિયાન કલાની પ્રસ્તુતિ કરશે.

મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઇજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# SELVAAS- MOKDRIL

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના અથાલ સ્થિત ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડ અને જિલ્લા પ્રસાસનના સયુંકત ઉપક્રમે ઓફ સાઇટ મોકડ્રિલ સફળતાપૂર્વક યોજાઈ હતી. ગેઈલના ગેસ પ્લાન્ટમાં ગેસ લીકેજ અને ત્યારબાદ આગની ઘટનાઓ પર કેવી રીતે કાબુ મેળવવો તેની તાલીમ આપવા માટે ઑફ-

સાઇટ મોક ડ્રીલ યોજવામાં આવી હતી. જેની વધુ માહિતી આપી રહ્યા છે નાયબ કલેક્ટર અમિક કુમાર.....

(બાઇટ- અમિત કુમાર, નાયબ કલેક્ટર ડિઝાસ્ટર)

. . . . . . . . . . . . .

**Surendranagar –Javahar Navoday Vidhyalay Exam**

સુરેન્દ્રનગર જિલ્લાની જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ – ૬ માટે પ્રવેશ પરીક્ષા ૧૦ તાલુકાનાં ૨૯ કેન્દ્રો પર આજે યોજાશે. જેમાં 6 હજાર 648 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

સુરેન્દ્રનગરના અમારાં પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, આ પરીક્ષાના પૂર્વ આયોજન અંતર્ગત જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ધાંગધ્રાની પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય ખાતે ગઇકાલે પ્રશિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય, ૨૯ કેન્દ્ર સંચાલકો તેમજ નિરીક્ષકો અને ૧૦ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# DANG SEMINAR

વલસાડમાં રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ- ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી હતી.. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. કરનરાજ વાઘેલાની ઉપસ્થિતિમાં

યોજાયેલા આ  સેમિનારમાં વલસાડ એસ.ટી. વિભાગના ૬ ડેપોના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત ૫૦૦ કરતાં વધુ  કર્મચારીઓ ઓન લાઈન જોડાયા હતા. પોતાની નોકરી દરમિયાન એક પણ અકસ્માત ન કરનાર ડ્રાઇવરો અને ડીઝલ બચતમાં પ્રગતિ કરનાર કર્મીઓનું સન્માન કરાયું.

ડાંગના આહવા ખાતે યોજાયેલા મેગા લીગલ સર્વિસ કેમ્પમાં  બે હજાર ૫૦૦ થી વધુ લાભાર્થીઓને સરકારી યોજનાઓના લાભો અપાયા હતા.

. . . . . . . . . . . .